# ગુજરાતી વ્યાકરણ - અમુક છંદો

# માત્રામેળ છંદ

# ચોપાઈ

છંદ : ચોપાઈ

બંધારણ :

- ચાર ચરણ
- દરેક ચરણની ૧૫ માત્રા
- દરેક ચરણને અંતે લઘુ અને ગુરુ અક્ષર.
- ૧, ૫, ૯ અને ૧૩મી માત્રાએ તાલ.

ઉદાહરણ :

આકાશે તારાની ભાત
ધરતી હૈયે ફૂલબિછાત
સર્જી, તો કાં સર્જી તાત !
માનવના મનમાં મધરાત !

# દોહરો

છંદ : દોહરો

બંધારણ :

- ચાર ચરણ
- પહેલા અને ત્રીજા ચરણની ૧૩ માત્રા
- બીજા અને ચોથા ચરણની ૧૧ માત્રા
- દરેક ચરણની ૧૧ મી માત્રા સામાન્યતઃ લઘુ.
- ૧, ૫, અને ૯ મી માત્રાએ તાલ.

ઉદાહરણ :

કરતાં જાળ કરોળિયો, ભોંય પડી ગભરાય
વણ તૂટેલે તાંતણે, ઉપર ચઢવા જાય.

# હરિગીત

**છંદ** : હરિગીત

**બંધારણ :**

- પંક્તિની માત્રા ૨૮.
- પંક્તિનો છેલ્લો અક્ષર ગુરૂ.
- ૩,૬,૧૦,૧૩,૧૭,૨૦,૨૪ અને ૨૮ મી માત્રાએ તાલ.

**ઉદાહરણ :**

જે પોષતું તે મારતું, શું એ નથી ક્રમ કુદરતી?

**ઉદાહરણ**:

મંદિર છો મુક્તિ તણા માંગલ્ય ક્રીડા ના પ્રભુ!
ને ઈંદ્ર નર ને દેવતા સેવા કરે તારી વિભુ!
સર્વજ્ઞ છો સ્વામી વળી શિરદાર અતિશય સર્વના
ઘણું જીવ તું ઘણું જીવ તું ભંડાર જ્ઞાન કળા તણાં.

-રત્નાકર પચ્ચીશી (રત્નશ્યામ સૂરીશ્વરજી)

## વિષમ હરિગીત

**છંદ :** વિષમ હરિગીત

**બંધારણ :**

- પહેલા ને ત્રીજા ચરણમાં ૨૬ માત્રા
- બીજા ને ચોથા ચરણમાં ૨૮ માત્રા
- પંક્તિનો છેલ્લો અક્ષર ગુરૂ.
- પહેલાને ત્રીજા ચરણમાં પહેલી માત્રાથી અને બીજા અને ચોથામાં ત્રીજી માત્રાથી તાલ શરૂ થાય છે.

**ઉદાહરણ :**

ઊજળા આકાશમાં ક**દી** મેઘકકડો **નિ**રખું
સ્વચ્છન્દ તરતો, કે તરત આ દેહમાંથી હું કૂદું,
કૂદી બેસું મેઘકકડા એ ઉપર ત્યહાંથી પછી
પેલા "સુખદ આનન્દ-ઓવારા" ઉપર થોભું જઈ;

*(છૂટ: ઘાટા અક્ષરોમાં તે અક્ષરથી વિપરીત માત્રા સમજવી)*

-આનન્દ-ઓવારા, કુસુમમાળા, નરસિંહરાવ દિવેટિયા

# રોળાવૃત્ત

છંદ : રોળાવૃત્ત

બંધારણ :

- ચાર ચરણ
- કુલ ૨૪ માત્રા
- પહેલા અને ત્રીજા ચરણની ૧૧ માત્રા
- બીજા અને ચોથા ચરણની ૧૩ માત્રા
- બીજા અને ચોથા ચરણની અંતિમ બંને માત્રાઓ ગુરુ.

ઉદાહરણ :

મહાનદીનો ઓઘ, ધુઘવતો ચાલ્યો જાએ,
કાળચક્રનો ત્યહાં, પડે ચીલો ન જરા એ;
ગગનચુમ્બી ગિરિરાજ, ઘડ્યો કઠણ પથરાએ,
કાળતણું ત્યહાં, ચક્ર ઘસાઈ ખાંડું થાએ.

# સોરઠો

છંદ : સોરઠો

બંધારણ :

- ચાર ચરણ
- કુલ ૨૪ માત્રા
- પહેલા અને ત્રીજા ચરણની ૧૧ માત્રા
- બીજા અને ચોથા ચરણની ૧૩ માત્રા
- પહેલા અને ત્રીજ ચરણના તુક સમાન હોય છે. (ચરણ બદાય તે અક્ષરને તુક કહેવાય, આ છંદમાં તુકના અંતિમ અક્ષરનો સ્વર ધ્વનિ સમાન હોવો જોઈએ)

ઉદાહરણ :

ઘટમાં જે ઘુંટાય, છાનુ છેક રહે નહીં;
એ બાંકે દેખાય, દીધાં ઢાંકણ કાચનાં

# સવૈયા

છંદ : સવૈયા

બંધારણ :

- ચાર ચરણ
- કુલ ૩૧ માત્રા
- છેલા બે અક્ષરો ગુરુ અને લઘુ
- યતિ : ૧૬મી માત્રાએ

ઉદાહરણ :

દિલથી આશિષ દે છે દલપત, મહિમા મોટું મેળવ માન,
એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું હિન્દુસ્તાન.

## અન્ય સંસ્કરણ

આ સિવાય હિંદીમાં એક અન્ય પ્રકારના સવૈયા પણ પ્રચલિત છે. આ છંદ અક્ષર મેળ હોય છે.

અક્ષર : ૨૩

બંધારણ : ભ - ભ - ભ - ભ - ભ - ભ - ભ - ગા - ગા

જેમાં સાત ભ-ગણ અને તેની પછી બે ગુરુ એમ અક્ષરો હોય છે.

ઉદાહરણ :

| ભ | ભ | ભ | ભ | ભ | ભ | ભ | ગા | ગા |
|---|---|---|---|---|---|---|---|---|
| तू जग | की जन | नी बन | के, मम | ता दुइ | हाथ लु | टावत | ना | री |

ઉદાહરણ: ૨ ઘનશ્યામાષ્ટક

સાહ ભયો ઉમરાહ ભયો, પતસાહ ભયો જગશિષ નયો હૈ,
રાગી ભયો બડભાગી ભયો, વિતરાગી ભયો વન જાય રહ્યો હૈ;
માની ભયો નિરમાની ભયો, પરમાની ભયો જસવાસ લયો હૈ,
બ્રહ્મમુનિ ઘનશ્યામકો આશ્રય, જો ન ભયો તો કછુ ન ભયો હૈ...

# દિંડી

છંદ : દિંડી

બંધારણ :

- ચાર ચરણ
- દરેક ચરણની ૧૯ માત્રા
- નવમી અને દસમી માત્રાએ વિરામ
- દરેક ચરણને અંતે બે ગુરૂ અક્ષર.

ઉદાહરણ :

સર્વ **ફૂ**લડાં મહિં એક જે રમંતો
રમ્ય ગન્ધ સકળ જગતને ગમંતો,
એક તેહ પણ અનેક ધરે રૂપ,
વિવિધ કુસુમે વ**શી** વિવિધ ને અનુપ.
(ઘાટા અક્ષરોની લઘુ માત્રા ગણવી)

# ઉધોર

છંદ : ચોપાઈ

બંધારણ :

- ચાર ચરણ
- દરેક ચરણની ૧૪ માત્રા
- ૧, ૩, ૫, ૮ અને ૧૦ અને ૧૨મી માત્રાએ તાલ.

ઉદાહરણ :

પ્રિય!
જો, રમ્ય આ શું સ્હવાર!
રવિનું તેજ જો સહુ ઠાર
રેલી રહ્યું કરંતું હાસ
પૃથ્વી પર અને આકાશ!

# મહીદીપ

છંદ : મહીદીપ

બંધારણ :

- ચાર ચરણ
- દરેક ચરણની ૨૨ માત્રા
- દરેક ચરણને અંતે બે ગુરુ અક્ષર.

ઉદાહરણ :

એમ ભલે વિશ્વ લવે, -મેળવીછ મ્હેં તો

ભગિની એક જેહ-સ્નેહ સુખ અનુપ દેતો;

# વૈતાલીય

**છંદ :** વૈતાલીય

**બંધારણ :**

- ચાર ચરણ
- પહેલા અને ત્રીજા ચરણમાં પ્રથમ છ માત્રા + "ર" ગણ + લઘુ અને ગુરૂ = કુલ ૧૪ માત્રા
- બીજા અને ચોથા ચરણમાં પ્રથમ આઠ માત્રા + "ર" ગણ + લઘુ અને ગુરૂ = કુલ ૧૬માત્રા

**ઉદાહરણ** :

કળિયો મુખ અર્ધું ખોલિને
અટકી આ જલ વીણ શોષથી;
ગુંચવે ઉગતી સુ-વેલિને,
તૃણ કાંટા વધિ આસપાસથી.

| **ચરણ** | **૬ માત્રા** | **"ર" ગણ** | **લઘુ +ગુરૂ** |
|---|---|---|---|
| ૧ | કળિયો મુખ | અર્ધુંખો | લિને, |
| ૩ | ગુંચવે ઉગ | તી સુ-વે | લિને, |
| **ચરણ** | **૮ માત્રા** | **"ર" ગણ** | **લઘુ +ગુરૂ** |
| ૨ | અટકી આ જલ | વીણ શો | ષથી; |
| ૪ | તૃણ કાંટા વધિ | આસપા | સથી. |

# આર્યા

**છંદ :** આર્યા

**બંધારણ :**

- ચાર લીટી
- પહેલી લીટીમાં ૧૨ માત્રા, બીજી લીટીમાં ૧૮ માત્રા, ત્રીજી લીટીમાં ૧૨ માત્રા, ચોથી લીટીમાં ૧૫ માત્રા.

**ઉદાહરણ** :

રૂંધાયો મુજ જીવ ત્યાં મનુજતણા શ્વાસથી મલિન પવને,
ઉલ્લસતો અહીં આવી જલ તરુ તારક વિશે સાંભળીને.

રાઈનો પર્વત - અંક પહેલો: પ્રવેશ ૫

# અક્ષરમેળ છંદ

# અનુષ્ટુપ

છંદ : અનુષ્ટુપ

અક્ષર : ૮-૮ અક્ષરના ૪ ચરણ (દરેક લીટીમાં બે)

બંધારણ :

- દરેક ચરણમાં પાંચમો અક્ષર લઘુ અને છઠ્ઠો અક્ષર ગુરુ.
- પહેલા અને ત્રીજા ચરણમાં સાતમો અક્ષર ગુરુ.
- બીજા અને ચોથા ચરણમાં સાતમો અક્ષર લઘુ.

ઉદાહરણ :

| ચરણ | ચરણ |
|---|---|
| વર્ષોની બંધ **બા**રીને | આજ જ્યારે ઉ**ઘા**ડતો, |
| આવ આવ દિ**શા**ઓથી | સૂર એ કર્ણ **આ**વતો. |

# વ્યાકરણ/છંદ/ઇન્દ્રવજ્રા

છંદ : ઇન્દ્રવજ્રા

અક્ષર : ૧૧

બંધારણ : ત - ત - જ - ગા - ગા

ઉદાહરણ :

| ત | ત | જ | ગા | ગા |
|---|---|---|---|---|
| ઇલા દિ | વાળી દી | વડા ક | રી | શું |
| સાથે મ | ળી ને ર | સલ્હાણ | લે | શું |

# ઉપજાતિ

છંદ : ઉપજાતિ

અક્ષર : ૧૧

બંધારણ :

- પહેલી પંક્તિ ઉપેન્દ્રવજ્રા ની અમે બીજી પંક્તિ ઇન્દ્રવજ્રાની

અથવા

- પહેલી પંક્તિઇન્દ્રવજ્રા ની અમે બીજી પંક્તિ ઉપેન્દ્રવજ્રા ની

ઉદાહરણ :

| | | | | | |
|---|---|---|---|---|---|
| નદી વ | હે છે ગિ | રિથી ર | મં | તી? | - ઉપેન્દ્રવજ્રા - |
| ફૂલો ત | ણાં ગીત | હજાર | ગા | તી? | -ઇન્દ્રવજ્રા - |

# વ્યાકરણ/છંદ/ઉપેન્દ્રવજ્રા

છંદ : ઉપેન્દ્રવજ્રા

અક્ષર : ૧૧

બંધારણ : જ - ત - જ - ગા - ગા

ઉદાહરણ :

| જ | ત | જ | ગા | ગા |
|---|---|---|---|---|
| જગે અ | હીં આશ | વિના જી | વે | કે? |
| જગે અ | હીં પ્રેમ | વિના ર | હે | કે? |

# કવિત

છંદ : કવિત

બંધારણ:

- ચાર ચરણ
- પ્રત્યેક ચરણ માં ૧૬, ૧૫ ના વિરામ થકી ૩૧ અક્ષરો
- પ્રત્યેક ચરણની અંતમાં ગુરૂ વર્ણ હોવો જોઈએ
- યતિ : ૮, ૮, ૮ અને ૭ મા અક્ષરે

ઉદાહરણ :

**અંબાડી ઉપાડી છે કે પેચદાર પાઘડી છે,**
**ખેસ છેડા લટકે કે ઘંટ સુધડાઈ છે;**
**નાક લાંબુ નવ વેંત છે કે સુંઢ સુંદર છે;**
**દંતુસર છે કે ડાઢો બાહાર દેખાઈ છે,**
**ચોખા કંકુ ચાંદલો કે શોભે છે સીંદૂર ભાલ,**
**પાછળ છે પુંછડું કે કાછડી વળાઈ છે;**
**દાખે દલપતરામ દેખો દુનીઆના લોકો,**
**હાથી હુલકરનો કે આતો હાથીભાઈ છે.**

# ચામર

છંદ : ચામર

અક્ષર : ૧૫

બંધારણ : ૨ - ૪ - ૨ - ૪- ૨

યતિ : ૮ મે અક્ષરે

ઉદાહરણ :

| ૨ | ૪ | ૨ | ૪ | ૨ |
|---|---|---|---|---|
| હોડિમાં | થી રત્ન | એ ઝુંટા | વિ રંગિ | ણી નદી, |
| ચાલિ ને | લઈ પ | છાડિ હો | ડિ મૂકિ | કિ ડૂબતી |

હોડિમાંથી રત્ન એ ઝુંટાવિ રંગિણી નદી,
ચાલિ ને લઈ પછાડિ હોડિ મૂકિ ડૂબતી;
રંગિણી કનેથિ ખેંચિ મેં ન જોયું તે ભણી,
મારિ વૃત્તિ તે ગણે શું જાય જે મને લુંટી?
--(રાઈનો પર્વત/અંક છટ્ઠો/ પ્રવેશ ૧ લો ૬૮મી કડી)

# તોટક

**છંદ :** તોટક

**અક્ષર :** ૧૨

**બંધારણ :** સ - સ - સ -સ

**યતિ :** દરેક ચરણને અંતે

આ એક વાર્ણિક છંદ (વૃત્ત) છે અને આના બધા ચરણ સમાન હોવાને કારણે આ એક "સમવૃત્ત છંદ" છે.

## ઉદાહરણ

**ઉદાહરણ : ૧** - શ્રી વલ્લભાચાર્યજીના "મધુરાષ્ટક"ના પ્રથમ બે છંદ

अधरं मधुरं वदनं मधुरं | नयनं मधुरं हसितं मधुरम् ।|
हृदयं मधुरं गमनं मधुरं | मधुराधिपतेरखिलं मधुरम् ॥ १ ॥
वचनं मधुरं चरितं मधुरं | वसनं मधुरं वलितं मधुरम् ।
चलितं मधुरं भ्रमितं मधुरं | मधुराधिपतेरखिलं मधुरम् ॥ २ ॥

**ઉદાહરણ : ૨**

| સ | સ | સ | સ |
|---|---|---|---|
| ગણ ચા | ર સ તો | ટકમાં | મળશે |

**ઉદાહરણ : 3** - લંકાકાણ્ડ માં રાવણ વધ પછી બ્રહ્માજીની સ્તુતિ

| સ | સ | સ | સ |
|---|---|---|---|
| જય રા | મ સદા | સુખધા | મ હરે |
| રઘુ ના | યક સા | યક ચા | પ ધરે |

# ધનાક્ષરી

છંદ : ધનાક્ષરી

બંધારણ:

- બે ચરણ
- પ્રત્યેક ચરણ ૩૧ અક્ષરો
- આ છંદ દક્ષિણનો મનાય છે.

ઉદાહરણ :

ઘરમાં અને બહાર, ઉંઘતાં ને જાગતાં;
ખાતાં પીતાં ને ચાલતાં, સેવક તે સેવક છે
કદી તે ભંડારી થાય, કદી થાય નાણાવટી
કદી લડવૈયો થાય, વેશ એવા અનેક લે;

## અન્ય પ્રકાર

એક અન્ય માહિતી મુજબ ધનાક્ષરી છંદનું બંધારન આ પ્રમઆણે હોય છે

- બે ચરણ
- પ્રત્યેક ચરણ ૩૨ અક્ષરો
- આ છંદ દક્ષિણનો મનાય છે.
- ૩૨ અક્ષરોને ૧૬ ૧૬ના બે ટુકડામાં વહેંચીને લખવામાં આવે છે.
- આ સોળે સોળ અક્ષરોને ચાર ચારના ટુકડાઓમાં 'સાથે રાખી'ને ઉચ્ચારવામાં આવે છે.

# વ્યાકરણ/છંદ/પૃથ્વી

છંદ : પૃથ્વી

અક્ષર : ૧૭

બંધારણ : જ - સ - જ - સ - ય - લ - ગા

યતિ : ૮ કે ૯ અને ૧૭ મે અક્ષરે

ઉદાહરણ :

| જ | સ | જ | સ | ય | લ | ગા |
|---|---|---|---|---|---|---|
| મ ને શિ | શુ ત ણી | ગ મે સ | ર ળ સૃ | ષ્ટી સ્ને હ | ભ | રી |

# વ્યાકરણ/છંદ/મનહર

છંદ : મનહર

બંધારણ :

- પહેલી પંક્તિમાં ૧૬ અક્ષર.
- બીજી પંક્તિમાં ૧૫ અક્ષર; છેલ્લો અક્ષર ગુરુ.

યતિ :

- પહેલી પંક્તિમાં ૮ અને ૧૬ મે અક્ષરે.
- બીજી પંક્તિમાં ૮ અને૧૫ મે અક્ષરે.

ઉદાહરણ :

સાંભળી શિયાળ બોલ્યું દાખે દલપતરામ; (૧૬ અક્ષર)
અન્યનું તો એક વાંકુ આપના અઢાર છે. (૧૫ અક્ષર)

# વ્યાકરણ/છંદ/મંદાક્રાંતા

છંદ : મંદાક્રાંતા

અક્ષર : ૧૭

બંધારણ : મ - ભ - ન - ત - ત - ગા - ગા

પહેલા ચાર અક્ષર ગુરૂ.

યતિ : ૪ અને ૧૦ મે અક્ષરે

ઉદાહરણ :

| મ | ભ | ન | ત | ત | ગા | ગા |
|---|---|---|---|---|---|---|
| બે ઠો બે | ઠો સ ખિ | સ હી ત | હૂં મા લ | તિ મં ડ | પે | ત્યાં |

ઉદાહરણ :

ધીમે ઊઠી, શિથિલ કરને, નેત્રની પાસ રાખી,
વૃદ્ધા માતા, નયન નબળાં, ફેરવીને જુએ છે;
ને તેનો એ, પ્રિય પતિ હજુ, શાંત બેસી રહીને,
જોતાં ગાતો, શગડી પરનો, દેવતા ફેરવે છે.

# માલિની

છંદ : માલિની

અક્ષર : ૧૫

બંધારણ : ન - ન - મ - ય - ય

યતિ : ૧૨ અને ૧૯ મે અક્ષરે

ઉદાહરણ :

| ન | ન | મ | ય | ય |
|---|---|---|---|---|
| ન ન મ | ય ય ગ | ણો થી, મા | લિ ની વૃ | ત્ત થા ય. |

# રથોદ્ધતા

છંદ : રથોદ્ધતા (રથોધ્રતા)

પ્રકાર : સમવૃત્ત વર્ણમેળ છંદ , ત્રિષ્ટુપ છંદ

બંધારણ:

- પ્રત્યેક ચરણ ૧૧ અક્ષરો
- ર ગણ, ન ગણ, ર ગણ, લઘુ અને ગુરુ

| ર ગણ | ન ગણ | ર ગણ | લ ગા |
|---|---|---|---|
| શેઠ ચા | ર સુત | ને વરા | વિયા |

ઉદાહરણ :

શેઠ ચાર સુતને વરાવિયા,
તે ગૃહસ્થ કરીને ઠરાવિયા;
પાંચમે પરણવાનિ ના કહી, .
બ્રહ્મચર્ય ધરીને રહ્યાં સહી

# વસંતતિલકા

છંદ : વસંતતિલકા

અક્ષર : ૧૪

બંધારણ : ત - ભ - જ - જ - ગા - ગા

યતિ : ૮ અને ૧૮ મે અક્ષરે

ઉદાહરણ :

| ત | ભ | જ | જ | ગા | ગા |
|---|---|---|---|---|---|
| મોં ઘી ક | ળી હૃ દ | ય ની સુ | કુ મા ર | સા | રી |

ઉદાહરણ :

ત્યાં ધૂલ દૂર નજરે ઊડતી પડે છે,
ને અશ્વ ઉપર ચડી નર કોઈ આવે
ટોળે વળી મુખ વિકાસી ઊભાં રહીને,
તે અશ્વને કુતૂહલે સહુ બાલ જોતાં !
-( ગ્રામ્ય માતા - કલાપીનો કેકારવ)

# વંશસ્થ

છંદ : વંશસ્થ

અક્ષર : ૧૨

પ્રકાર : સમવૃત્ત અક્ષરમેળ (જગતીની જાત)

બંધારણ : જ - ત - જ - ર

યતિ : ૫ મે અક્ષરે

અન્ય નામ : વંશસ્તનિત, વંશસ્થવિલ, મહાનિબંધા

ઉદાહરણ :

| જ | ત | જ | ર |
|---|---|---|---|
| ન જાણું | મારું મુ | જાઉં શું | શું અહીં |

ન જાણું મારું મુકિ જાઉં શું અહીં,<br>
ન જાણું મારું લઇ જા ઉં સાથ શું;<br>
બહાર આવી ઉરવૃત્તિઓ બહુ,<br>
સમેટિ જાણું નહિં તે હું આ ઘડી.

--(રાઈનો પર્વત/અંક છઠ્ઠો/ પ્રવેશ ૧ લો ૬૯મી કડી)

# વ્યાકરણ/છંદ/શાર્દૂલવિક્રીડિત

છંદ : શાર્દૂલવિક્રીડિત

અક્ષર : ૧૯

બંધારણ : મ - સ - જ - સ - ત - ત - ગા

યતિ : ૧૨ અને ૧૯ મે અક્ષરે

ઉદાહરણ :

| મ | સ | જ | સ | ત | ત | ગા |
|---|---|---|---|---|---|---|
| હી રાની | ક ણિ કા | સ મા ન | ઝ ળ કે | તા રા ઝ | ગા રે ગ્ર | હો |

ઉદાહરણ :

ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમન્તનો પૂર્વમાં,
ભૂરું છે નભ સ્વચ્છ સ્વચ્છ, દીસતી એકે નથી વાદળી;
ઠંડો હિમભર્યો વહે અનિલ શો, ઉત્સાહને પ્રેરતો,
જે ઉત્સાહ ભરી દીસે શુક ઊડી ગાતાં, મીઠાં ગીતડાં !
-( ગ્રામ્ય માતા - કલાપીનો કેકારવ)

# વ્યાકરણ/છંદ/શિખરિણી

છંદ : શિખરિણી

અક્ષર : ૧૭

બંધારણ : ય - મ - ન - સ - ભ - લ - ગા

યતિ : ૬ અને ૧૭ મે અક્ષરે

ઉદાહરણ :

**ય મ ન સ ભ લ ગા**

ત મે તો આ પ્યું છે દ સ વ ર સ ના દુઃ ખ જ મ ને

ઉદાહરણ :

પ્રભો અંતર્યામી, જીવન જીવના દીનશરણા
પિતા માતા બંધુ, અનુપમ સખા હિતકરણા;
પ્રભા કીર્તિ કાંતિ, ધન વિભવ સર્વસ્વ જનના,
નમું છું, વંદું છું, વિમળમુખ સ્વામી જગતના.
-( પ્રભો અંતર્યામી - નાનાલાલ)

# શાલિની

છંદ : શાલિની

અક્ષર : ૧૧

બંધારણ : મ - ત - ત - ગા ગા

યતિ : ૧૨ અને ૧૯ મે અક્ષરે

ઉદાહરણ :

| મ | ત | ત | ગા ગા |
| --- | --- | --- | --- |
| પા રે વા | શા મા ન | વી ક્યાં, મ | ળે છે? |
| આ જે સા | દા મ્હા રા | થી ક્યાં, મ | ળે છે? |

# હરિણી

છંદ : હરિણી

અક્ષર : ૧૭

બંધારણ : ન - સ - મ - ર - સ - લ - ગા

યતિ : ૬ અને ૧૦ અક્ષરે

ઉદાહરણ :

| ન | સ | મ | ર | સ | લ | ગા |
|---|---|---|---|---|---|---|
| મુ ખ મ | ર ક તું | મા નું જે | ના સ્વ રે | ધ રગું | જ | તું |

# સ્રગ્ધરા

છંદ : સ્રગ્ધરા

પ્રકાર : સમવૃત્ત અક્ષરમેળ

અક્ષર : ૨૧

બંધારણ : મ - ર - ભ - ન- ય - ય-ય

યતિ : ૭ અને ૧૪ મે અક્ષરે

ઉદાહરણ :

| મ | ર | ભ | ન | ય | ય | ય |
|---|---|---|---|---|---|---|
| મા રા પૂ | ઠે ભ ના | છે ત્ર ણ | ય હ ય | હ યે છે | દ છે<br>સ્ર | ગ્ધ રા માં |

ઢંકાયો સૂર્ય રાતી ગગનદ્દવસમી મેઘમાળાનિ પૂંઠે,
નીચે જેવુમ્ ભરે એ ડગલું અણદિઠું માળ એ દીપિ ઊઠે;
આકાશે વાદળીઓ છુટી છુટી તરતી રંગ એ ઝીલી લેતી,
છૂપો એ ડૂબતો તે, ક્ષણ ક્ષણ બદલી વર્ણ દર્શાવી દેતી.

--(રાઈનો પર્વત/અંક બીજો/ પ્રવેશ ૫ મો ૨૮મી કડી)